# -: તૈયેબી ઈસ્માઈલી મઝહબના ઊલૂમની એક ઝલક :-

ઈલ્મ "બહરૂન અમીક" છે યાઅની કે ઊંડો દરિયો; એનો કોઈ કિનારો નથી અને એની ગેહરાઈ, લંબાઈ અને પહોલાઈનો મિકયાસ યા માપ નથી. અલ્લાહતઆલાએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.)ને ઉમ્મી પૈદા કીધા; એક વજહમાં ઉમ્મીનો મતલબ એ થાય છે કે, એવા બેમિસાલ આલિમ જેના કોઈ ઉસ્તાઝ ન હોય. **રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.)એ ફરમાવું કે, મેં ઇલ્મને પાઁચ થી લીધું અને પાઁચને આપું.** આપે જે પાઁચ નૂરાની વસાઈલથી ઈલ્મ હાસિલ કીધું, તે છે **લોહ, કલમ, જિબ્રઇલ, ઇસ્રાફીલ અને મીકાઇલ** તેમજ આપે જે પાઁચ જિસ્માની વસાઈલથી ઈલ્મને હાસિલ કીધું તે છે, **ઊબય બિન કઅબ, બુહૈરા રાહિબ, ઝૈદ બિન ઉમ્રો, મૈસેરા અને મૌ.ખદીજાહ બિન્તે ખુવૈલદ (સ.અ)**; અને જે પાઁચ અન્વારે ખાસ્સાને બખ્શું તે છે અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.), મૌલાના ઈમામ હસન (અ.સ.), મૌલાના ઈમામ હુસૈન (અ.સ.), મૌલાના ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) અને પહેલા સાતરાના છેલ્લા ઈમામ મૌલાના મોહંમદ બિન ઈસ્માઈલ (અ.સ.).

આપનું ઈલ્મ દુનિયાના તમામ ઈલ્મો પર મોહીત છે, કેમ કે આપ ખુદ ઈલ્મના સરચશ્મા છે જેના ઝરીએથી અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.)ને ઈલ્મના એક હઝાર બાબ શીખાવા. અલ્લાહતઆલા કુરઆને પાકમાં ફરમાવે છે કે, "તમારા રબ એ ઈન્સાનને તે ઈલ્મ શીખાવું જે તે જાણતો ન્હોતો" અને બીજી જગા પર એમ પણ ઈરશાદે રબ્બાની છે, **"હર ઇલ્મવાલાને ઉપર એક બીજો ઝિયાદહ જાણકાર હોય છે"**, યાઅની કે આ જ્હાનમાં અહલુલ બૈત (અ.સ.) ના હકીકી ઈમામો સિવાય જે લોગો છે અને જે થાશે તેઓમાં આપ (સ.અ.વ.વ.) ના ઈલ્મનો જાણકાર કોઈ નહી થઈ શકે અને જે કોઈ શખ્સ આ સાહબો (ઈમામો) બગૈર આલિમ હોવાનો દાઅવો કરે, તે સરીહન જૂઠો અને મુનાફિક છે.

અલ્લાહતઆલાએ મૌ.આદમ (અ.સ.) થી મૌ.કાઈમુલ કિયામહ (અ.સ.) તક ઈમામતનો સિલસિલો બરકરાર અને જારીયા રાખેલો છે. ઈમામતના હોવાથી જ આ દુનિયા, આલમુત્તબીઅત યા આલમુલ કૌને વલ ફસાદનો વુજૂદ છે. કુરઆને કરીમમાં ઈરશાદે રબ્બાની છે કે, **"હું ઝમીન પર મારા નુમાઇંદા મુકર્રર કરૂં છું"**, અલ્લાહતઆલા તરફથી આ મુકર્રરશુદા સાહબ પછી તે નબી યા વસી યા ઈમામ યા દાઈ હોય, તેમને હિદાયતનુમા અને શરીઅતના મુખ્તાર માનવા અને તેમના ફરમાન ને સરે તસ્લીમ કરી અમલ કરવો એક મુમિન હોવાની પહેલી શરત અને નિશાની છે. આ પાક સિફત સાહેબો અલ્લાહની તાઈદથી નસ-બ-નસ કાઈમ થાતા રહે છે. જેના કાઈમ થાવા પર અલ્લાહના રાઝ યા હિકમત યા મશીયત હોવાનો કોઈ સવાલ કે સબબ રેહતો નથી. ઈમામ નો દરજો શું ? ઈમામની ઈસ્મત અને માઅસૂમીયત શું ? ઈમામનું હોવું કઈ તરહ વાજિબ છે ? ઈમામનો સિલસિલો કઈ તરહ સાબિત છે ? ઈમામ સાથે મુમેનીનના આઅમાલની શું સમઝ છે ? ઈમામ સાથે કુરઆન અને શરીઅતના અરકાન કઈ તરહ વાબિસ્તા છે ? ઈમામની ઝાતે પાક જ ઈલ્મે જારી અને નૂરે સારીના સરચશ્મા ક્યા સબબથી છે ? ઝમાનાના ઈમામની માઅરેફત શું કામ હર મુમિન પર લાઝિમ છે ? ઈમામની હિદાયત મુમિનના હર કામ સાથે કઈ તરહ જોડાયેલી છે ? ઈમામ અને ઈમામતના સુબૂતને લગતા તમામે તમામ બયાનાત અપના હોદાતે કિરામએ મુખ્તલિફ કિતાબોમાં દરજ ફરમાવેલા છે. તેમાં કિતાબ **"ઇફ્તેતાહુદ્દાઅવત"**, **"મજાલિસ વલ મોસાએરાત"**, **"ઇસ્બાતિલ ઇમામહ"**, **"મસાબીહ ફી ઇસ્બાતિલ ઇમામહ"** સરે ફેહરિસ્ત છે.

અલ્લાહતઆલાએ અંબિયા (અ.સ.) અને ઔલિયા (અ.સ.) હમારી નફસો-જાનોના ડૉક્ટર-હકીમ તરીકે મોકલેલા છે. જેઓને **"અતિબ્બાઉન્નુફૂસ"** અને હોકમાએ રબ્બાની કહે છે. કોઈ શખ્સ બીમાર થાય છે અને જિસ્મમાં કમ્ઝોરી પૈદા થાય છે, બેકરારી વધવા લાગે છે તો તે ડૉક્ટર નઝદીક જાય છે, તે ઉમ્મીદથી કે ડૉક્ટરની દવાના નુસ્ખાથી તેને શિફા હાસિલ થાય અને દોબારહ સેહતમંદ થાય. પણ જો અગર દવા લેવાની દરકાર ન કરે યા ડૉક્ટરના કહ્યા મુજબ ન ચાલે તો ઝિયાદહ હૈરાન થાય અને બીમારી વધતી જાય. તો હવે હમારા નફસ પણ આ દુનિયામાં બીમાર છે, મેલા છે અને કમ્ઝોર છે. અલ્લાહએ નક્કી કરેલા હકીમ જ આ નફસાની બીમારીની દવા જાણે છે અને આ હકીમ ઝમાનાના હમારા ઈમામ યા દાઈ છે. **નફસને મઝબૂત, પાકીઝા અને સેહતમંદ બનાવવાનો નુસ્ખો સાહબે દાઅવત ખૂબ જાણે છે અને તે છે, ઇલ્મે અહલે બૈત (અ.સ.)**. આ ઈલ્મ, હકીમે રબ્બાની સાહબે દાઅવત સિવાય કોઈ બીજું આપી શકે એમ નથી. આ હમારી નફસના હકીમની સોહબત, સલાહ અને ઈજાઝત બગૈર અગર કોઈ શખ્સ ઈલ્મ જાણે, કિતાબ પઢે યા કોઈના કહેવા પર અમલ કરે તો તેની હાલત એ શખ્સ જેવી થાશે જે ડૉક્ટરની સલાહ અને ઈજાઝત બગૈર દવા લે છે અને બીમારીના ચક્કરમાં ઘુમતો રહે છે. હક્કનું ઈલ્મ રૂહાની ગિઝા છે અને નફસ વાસ્તે શિફા છે. જે શખ્સ સાહબે હિદાયતને નઝરઅંદાઝ કરીને ગુમ્રાહ લોગોથી ઈલ્મનો તલબગાર થાય યા નફસની શિફાનો ઉમ્મીદવાર થાયતો તે શક-શુબહાતના ભયાનક દલદલમાં ફસાય જઈને તેને રૂસવાઈ, બેઈઝઝતી અને માયૂસી સિવાય બીજું કઈ હાથ લાગતું નથી.

અલ્લાહતઆલાએ આલમુદ્દીનમાં નુબૂવત, રિસાલત, વસાયત,ઈમામત અને કિયામત ને દરજએ અઝીમા અને મરતબએ આલીયા બખ્શેલો છે. આલમુલ અમ્રમાં અલ્લાહતઆલાએ ખુદની ઈતાઅત, પોતાના રસૂલ (સ.અ.વ.વ.) ની ઈતાઅત અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની જગા પર આપની શરીઅતના મુહાફિઝ અને મુબલ્લિગ (ઈમામ યા દાઈ) ની ઈતાઅત જે વાજિબ ફરમાવેલી છે, તે જ શાકેલત પર અહલે બૈત (અ.સ.) એ ઊલૂમને ત્રણ તબક્કામાં તકસીમ ફરમાવેલું છે. **રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.)થી રિવાયતમાં મન્કૂલ છે કે, પાણી પીઓ તો ત્રણ ઘુઁટમાં ટુકડા કરીને પીઓ.** હદીસે નબવી લફઝન લફઝન હકીકતો પર મબ્ની છે, યહાઁ પાનીની મિસાલ ઈલ્મની છે અને ત્રણ ઘુઁટની મિસાલ ઈલ્મના ત્રણ ઝાતની છે. એમાંથી **પહેલું** તે દુનિયાનું ઝાહિરી ઈલ્મ છે જેમાં ઈલ્મે શરીઅત, ઈલ્મે ફિકહ, ઈલ્મે લોગત અને ઈલ્મે તારીખ શામિલ છે. **ઇલ્મની બીજી કિસ્મ** જે પાનીના બીજા ઘુંટ પર દલાલત કરે છે, તે કુરઆનની તફસીરો તાવીલ તેમજ શરીઅતના અરકાન અને દીગર આઅમાલની તાવીલ શામિલ છે. અને **આખિરી ઇલ્મની કિસ્મ** તે શરીઅતના હકાઈક, મબ્દા વલ મઆદ અને હકીકતની હકીકત-દકીકતનું ઈલ્મ છે. દુનિયામાં ઈન્સાનની તબીઈ વિલાદત બાદ પહેલા તેને હલકી ગિઝા-ખોરાક આપવામાં આવે છે જેનો મવાદ માઁના દુધમાં મુન્હસિર છે. પછી જેમ જેમ તેની નશ્વો નુમા થાય છે, તેમ તેમ તેના પેટની હઝમ થાવાની કુવત કામિલ થાતા તેને ભારી અને ઠોસ ગિઝા-જમનના એઅતેબારથી આપવામાં આવે છે. આ જ શાકેલત પર દીની અને શરઈ ઈલ્મની નશરો ઈશાઅત થાય છે.

બચ્ચું મદ્રસામાં જાવાની ઉમર તક પહોંચે છે તો કુરઆને કરીમની કિરાતની તાઅલીમ સાથે તેને ઈલ્મે લોગત (Grammatical language) શીખાવવામાં આવે છે. જેમ જેમ તે ઈદરાકો ઈમ્સાક યાઅની કે પૈરાસ્તગી અને પૈવસ્તગીની સુલાહીયત હાસિલ કરે છે, તેમ અદબની કિતાબોમાં અહાદીસે બની ઈસ્રાઈલ, અસ્હાબુલ કહેફ, અહાદીસે અરબઊન, કિતાબુશ શિહાબ અન-નબવી અલ-મોહંમદી, કિતાબુશ શિહાબ અલ-અલવી અલ-મુરતઝવી તે બાદ નેહજુલ બલાગા (અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.)ના રિસાલા અને ખુત્બાઓનો મજમૂઓ) પઢાવવામાં આવે છે. અરબી ઝબાનની પુખ્તગી અને ગેહરાઈથી વાકિફ થાવા વાસ્તે ઈલ્મે ફસાહત, ઈલ્મે બલાગત, ઈલ્મે મઆની, ઈલ્મે બયાનથી હમ-આહંગ થાવું લાઝમી છે. તે સબબ દોઆતે કિરામે દાઅવતે હાદીયાહના ફરઝંદોમાં હદદીયતના મરતબા પર પહોંચતા પહેલા નીચે મુજબના દીવાનોની તાઅલીમ નઝર અંદાઝ કીધી નથી, તેમાં સરે ફેહરિસ્ત (૧) અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) નું દીવાન (૨) સૈયદના કાઝી નોઅમાન સાહબના અર-ઉર્જૂઝતુલ મુખ્તારા (૩) દીવાને સૈયદના હુસૈન બિન આમિર (૪) દીવાને સૈયદના અસ-સુલ્તાન અલ-ખત્તાબ હુફ્ફાઝી (૫) દીવાને સૈયદના મોઅય્યદ ફિદદીન અશ-શીરાઝી (૬) દીવાને સૈયદના અલી બિન મોહંમદ અલ-વલીદ (૭) દીવાને સૈયદી હસન બિન દાઊદ (૮) દીવાને સૈયદના બદરૂદ્દીન હસન બિન વલી (૯) દીવાને સૈયદના ફખરૂદ્દીન સાહબ અને આ તમામની ઈઝાફતમાં દીવાને ઈબ્ને હાની અલ-ઊન્દૂલૂસી, દીવાને અબુલ અતાહીયા, દીવાને હમાસા, દીવાને હસ્સાન બિન સાબિત અને દીવાને અબુ તમીમ બિન ઈમામ મોઈઝ (અ.સ.). આ સાથે મજાલિસના મજમૂઆની કિતાબોનો પણ શુમાર થાય છે. જેમ કે, સૈયદના અબુલ બરકાત બિન બશર અલ-હલબીના **"મજાલિસુલ હિકમા"**, સૈયદના અલી બિન મોહંમદ અલ-વલીદના **"મજાલિસુન્નુસ્હે વલ-બયાન"** અને **"અલ-મજાલિસુલ આશુરીયા"** (મોહર્રમના અશરા મુબારેકાના કિતાબ) પઢાવવામાં આવે છે. અરબી ઝબાન પર પૂરો ઉબૂર હાસિલ કીધા બાદ તે તાલિબે ઈલ્મને અદબની કિતાબો મસલન સૈયદના હાતિમ બિન સૈયદના ઈબ્રાહીમના કિતાબ **"તન્બીહુલ ગાફેલીન"**, સૈયદના કાઝી નોઅમાન સાહબના **"કિતાબુલ હિમ્મા"** અને ઈમામ અહમદિલ મસ્તૂરના **"રસાઇલે ઇખ્વાનુસ્સફા"** ના સબકો પઢાવાય છે.

બીજા મહાઝ પર ફિકહની કિતાબોની પઢાઈની ઈબ્તેદા થાય છે જેમાં સૈયદના કાઝી નોઅમાન સાહબ (ક.રૂ.)ની તસ્નીફાત મસલન કિતાબુત્તહારત, મુખ્તસેરૂલ આસાર, કિતાબુલ ઈકતેસાર, દઆઈમુલ ઈસ્લામ, તકવીમુલ અહકામ અને કિતાબુલ મુન્તખબાની એક પછી એક ખુબ જ ગેહરાઈથી મુતાલેઆ, દરસો દિરાસત થાય છે. ફિકહનું કુલ્લી તૌર પર ઈલ્મ હાસિલ કીધા બાદ અને મબ્દા વલ મઆદના હકાઈકના બાઝ ઈબ્તેદાઈ કિતાબોની બાતદરીજ દરાસત બાદ મસાઈલના બાઝ મજમૂઆ તાલિબે ઈલ્મને પઢાવાય છે. એમાં તમામથી પહેલા સૈયદના કાઝી નોઅમાન સાહબ ના **"હૈરતુલ ફિકહ"** અને **"મસાઇલે ફિકહીયાહ"**, તે બાદ સૈયદના મોઅય્યદ શીરાઝી સાહબના **"મસઅલા સબઊન"**, સૈયદના ઈબ્રાહીમ બિન હુસૈન અલ-હામેદીના **"મસઅલા તિસ્આ વ તિસઊન"**, તે બાદ **"રિસાલતો ઇઝ્ઝાહે વલ બયાન"** અને **"લુબ્બુલ મઆરિફ"**, તે બાદ સૈયદના અલી બિન મોહંમદ અલ-વલીદના **"મસાઇલુલ હકાઇક"** અને તે બાદ મૌલાઈ શમ્ઊન બિન ગૌરી ના **"મસાઇલે શમ્ઊની"** અને તે બાદ સૈયદના બદરૂદ્દીન હસન બિન ઈદરીસના **"મસાઇલે બદરીયાહ"**, તે બાદ **"મસાઇલે મૌલાઇં અમીનજી બિન જલાલ"** અને આપ મૌલાઈની જ તસ્નીફ **"કિતાબુલ હવાશી"**. નિકાહને મુતઅલ્લિક ૪૦ મસઅલા અને દોઆતે અહમદાબાદના મોતઅદ્દિદ બેશુમાર અખ્બારના કિતાબો અને મજમૂઆ શામિલ છે. આ સાથે દાઅવતે હાદીયાહની અખ્બારની કિતાબોમાંથી સૈયદના ઈદરીસ ઈમાદુદ્દીન (ક.રૂ.) ના **"ઊયૂનુલ અખ્બાર"**, સૈયદના કાઝી નોઅમાન (ક.રૂ.) ના માયએ નાઝ કિતાબ **"શરહુલ અખ્બાર"**, સૈયદના જાઅફર ઈબ્ને મન્સૂરૂલ યમનના **"કિતાબ શવાહિદે વલ બયાન"** અને સૈયદના બદરૂદ્દીન હસન બિન વલીના **"મુન્તઝેઉલ અખ્બાર"** અને સૈયદી હસન બિન નુહ ભરૂચીના **"કિતાબુલ અઝહાર"** ની તદરીજી અને તદરીબી તાઅલીમ અપાય છે.

ફિકહ અને અખ્બારના કિતાબોને સાથે ઈસ્માઈલી અસ્લો ઊસૂલ ના ઈસ્તેહકામ અને ગુમ્રાહ ફિરકાઓની બિદઅતોની તરદીદના કિતાબોની તાઅલીમ શુરૂ થાય છે, જેમાં મુખાલિફ ફિરકાઓને વાસ્તે હક્કની રાહ પર લાવવા હુજ્જતો દલીલ પૈશ કરવામાં આવેલી છે, હક્કને સાબિત કરવામાં આવો છે અને બાતિલના અંધારામાંથી સચ્ચાઈના રસ્તા પર લાવવા વાસ્તે શમ્અદાન છે. મસલન સૈયદના કાઝી નોઅમાન સાહબના "**અલ-ઇખ્તેલાફ ફી ઊસૂલિલ મઝાહિબ**", સૈયદના અલી બિન મોહંમદ અલ-વલીદના "**મુખ્તેસરૂલ ઊસૂલ**", સૈયદના અહમદ હમીદુદ્દીન કિરમાનીના "**તન્બીહુલ હાદી વલ મુસ્તેહદી**" અને "**અલ-અકવાલુઝ ઝહબીયાહ**" અને આથી ઈલ્મો ઈરફાન અને હુજ્જતના દરિયા સૈયદના અલી બિન મોહંમદ અલ-વલીદના "**દામેગુલ બાતિલ**" કિતાબ છે. **મુસ્તજીબ મુમિન જેમ જેમ ઇલ્મના હુસૂલના દરજા ચઢતો જાય છે અને તેના ઝહેનના દરવાઝાઓ ઊલૂમે ઇલાહીયાહના હુસૂલને વાસ્તે ખુલતા જાય છે, તેમ તેમ દાઅવતે હાદીયાહના ઇલ્મી તહઝીબો તરબીયતના ખઝાનાના કિતાબો તેના દરજાની બલંદી વાસ્તે મોહય્યા થાય છે.** આ તાઅલીમ બાદ, અકાઈદના કિતાબોની પઢાઈ સિપૂર્દ થાય છે જેમાં યમની દુઆતનાં કિતાબો "**અકીદતુલ મુવહહેદીન, તાજુલ અકાઇદ, રિસાલતુલ વહીદા**" અને અકીદાની બહસમાં કિતાબ તન્બીહુલ હાદી વલ મુસ્તેહદી અને રિસાલતુલ વઝીઆનો શુમાર થાય છે. આના બરાબર મુકાબલા પર સૈયદના અહમદ નિશાબુરીના ઈસ્બાતુલ ઈમામત, સૈયદના અલ-કિરમાની સાહબના કિતાબુલ મસાબીહ, સૈયદના હાતિમ અર-રાઝીના આઅલામુન નુબૂવાહ અને તેથી પણ બલંદ પાયા કિતાબો જેવા કે સૈયદના જાઅફર ઈબ્ને મન્સૂરૂલ યમનના "**સરાએરૂન નોતકા**" અને "**અસ્રારૂન નોતકા**" ની દરસો તદરીસ છે.

તે બાદ તાવીલના કિતાબોનો મરહલો શુરૂ થાય છે જેમાં સૈયદના જાઅફર ઈબ્ને મન્સૂરૂલ યમનના "**અર-રિઝા ફિલ બાતિન**", સૈયદના મોહંમદ બિન તાહિરના "**મજમૂઉત્તરબીયાહ**" અને સૈયદના કાઝી નોઅમાન સાહબના "**તાવીલુદ્દઆઇમ**" અને "**અસાસુત્તાવીલ**" ની પઢાઈનો શુમાર થાય છે. આ કિતાબોને સાથે-સાથે ઈમામ મોઈઝ (અ.સ.) ના તસ્નીફશુદા કિતાબ તાવીલુશશરીઆહ, જેમાં શરીઅતે મોહંમદીને લગતી કુરઆની આયતોનો બાતિની નીચોડ સમઝાવવામાં આવો છે અને આ સાથે સૈયદના જાઅફર બિન મન્સૂરૂલ યમનના કિતાબ "**તાવીલો સૂરતિન્નિસા**" અને "**તાવીલુઝ્ઝકાત**" ઘણો જ અહમ મવાદે ઈલ્મીયાહ બખ્શે છે અને આ સાથે આપના બીજા કિતાબો "**કિતાબ આલિમે વલ ગુલામ**" અને "**કિતાબુલ કશફ**" ઈસ્માઈલી ફિક્રો અકાઈદના એક કિલીદી નુસ્ખા (ચાવી રૂપ) મુજબ છે. આ સાથે સૈયદના ઈદરીસ ઈમામુદ્દીનના "**રિસાલતુલ બયાન**" અને "**રિસાલતુલ એહસાન**" તેમજ મૌલાઈ શરફુદ્દીન જાઅફર બિન હમઝાના "**અલ-વાઅઝે વત્તશવીક**", "**રિસાલતુલ મુકેઝા**", "**રિસાલતુત્તસ્રીહે વલ બયાન**" કાબિલે ઝિક્ર તસ્નીફાતે તાવીલાતમાં શુમાર છે. મુસ્તફીદ-મુસ્તજીબ યાઅની કે ઈલ્મનો તલબગાર આમ મુમિન ઉપરના કિતાબોને કે જેની મિસાલ પાની, દૂધ અને શરાબે તહૂરાની છે, તે પઢી રહ્યા બાદ દાઅવતના હકાઈકના ઈલ્મો અને અસ્રાર (મખ્ફી ઈશારા) તેમજ ભેદ-બાતિનના જવાહેરાત અને ઈન્સાની પૈદાઈશથી લઈને ઈન્સાની મઆદ અને આકેબત તક જે ઊમૂર બનનાર છે તેના અફઝલ અને આઅલા કિતાબોની તાઅલીમ તેના મુસ્તહિક્ક અને અહલીયત રાખનાર ને જ આપવામાં આવે છે. આ કિતાબોમાંથી તમામથી નાના અને મુખ્તસર "**સિમતુલ હકાઇક**" અને "**મબ્દા વલ મઆદ**" ની ગીન્તીથી શુરૂઆત કરતા કમ અઝ કમ ૨૫ કિતાબો થાય છે જેના સરદાર "**રાહતુલ અક્લ**" કિતાબ છે જે શહદ (મધ) ના મકામ પર છે. આ ૨૫ કિતાબોમાંથી જેની ઝિક્ર ઝિયાદહ થાય છે, તે સૈયદના ઈદરીસ ઈમાદુદ્દીનના કિતાબ "**ઝહરૂલ મઆની**" છે, સૈયદના હાતિમ બિન સૈ. ઈબ્રાહીમના "**જામેઉલ હકાઇક**", "**તોહફતુલ કુલૂબ**", "**મફાતીહુલ કુનૂઝ**", "**કિતાબુશ શુમૂસ**"; સૈયદના અબી યાઅકૂબ અસ-સિજિસ્તાનીના "**કિતાબુલ મકાલીદ**", "**કિતાબુલ યનાબીઅ**", "**કિતાબુલ ઇફતેખાર**"; સૈયદના હુસૈન બિન અલી બિન મોહંમદ અલ-વલીદના "**કિતાબુલ ઇઝાહે વલ બયાન**", "**નિઝામુલ વુજૂદ**","**ઝિયાઉલ હુલુમ**", "**રિસાલતુલ ઇબ્તેદા વલ ઇન્તેહા**"; સૈયદના સુલતાન અલ-ખત્તાબ અશ-શહીદના "**ગાયતુલ મવાલીદ**", "**ગાયતુલ કસાઇફે વલ લતાઇફ**" અને "**મુનીરતુલ બસાઇર**". આ તમામ હકાઈકના કિતાબો દાઈએ હક્ક અને હુદુદે દાઅવતના સખ્ત અને ભારી મીસાક બગૈર પઢવા ઈલ્મી ખયાનત કીધા બરાબર છે.

સૈયદના અહમદ હમીદુદ્દીન અલ-કિરમાની (ક.રૂ.) આપના એક કિતાબના મુકદ્દેમામાં ફરમાવે છે કે, "**મેં મારી તમામ તસ્નીફાતમાં જે ઇલ્મની નેહરો જારી કીધી છે તે મારા ઇલ્મના ચાલીસ હિસ્સામાંથી એક હિસ્સા કરતા કમ છે.**" આ કલામ પર ગૌરો ફિક્ર કરીએ તો માખઝ અને માઅના એ નીકલે કે, જ્યારે ઈમામના બાબુલ અબ્વાબના ઈલ્મના દરજાનો આ મેઅયાર છે તો ઈમામુઝઝમાન મૌલાના હાકિમ (અ.સ.) ના સીનએ ઈમામીમાં ઈલ્મના કેટલા દરિયા ભરેલા હશે ? ઈમામ ઝાહિર હોય યા મખ્ફી હોય, ઝુહૂરનો ઝમાન હોય યા સતરનો વક્ત હોય, ઈમામ કોઈ પણ ઝરીઆથી, કોઈ પણ રસ્તાથી અને કોઈ પણ વુજૂહાતથી પોતાની ઝાતે પાકથી યા પોતાના નુમાઈદાને માતહત રાખીને વક્તના તકાઝા મુજબ ઈલ્મનો ઈઝહાર કરે છે અને ઉમ્મતની રાહબરી બજા લાવે છે. જેની મિસાલ અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) ના શોહરએ આલમ કલેમાતના મજમૂઆ "**નેહજુલ બલાગા**"થી લઈને હી. ૧૩૩૩ માં શાયરે અહલે બૈત (અ.સ.) ૪૧માં દાઈયુલ મુત્લક સૈયદના ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ના "**દીવાને હસીન**" તક મીલે છે. જેની તશરીહ વાસ્તે એક મકમ્મલ મકાલો દરકાર છે. દાઅવતે હાદીયાહ તૈયેબીયાહના ઊલૂમો ફુનૂનના દરજામાં ચઢવાને વાસ્તે જે કિતાબોની તરતીબની ઝિક્રે ખૈર કરવામાં આવી છે, **તેમાં અહમ ઝરૂરત અરબી ઝબાનમાં ઊબૂર અને સાહબે દાઅવતની રઝા અને ઇજાઝતની છે** સબબ કે હકાઈક અને અસરારના કિતાબોનું દફતર એ જ તાલિબે ઈલ્મ વાસ્તે ફરાહમ કરવામાં આવે છે જે એની અહલીયત અને લાયેકાત રાખતો હોય અને સખ્ત અહદ-મીસાકને માતહત એક રઝાના ઉસ્તાઝની ઝાતી ઝેરે હિદાયત આ કિતાબો પઢાવવામાં આવે. આ ઈલ્મો સીનાથી સીના નકલ થાતા હોય તેની ખાસ તસ્દીઅ લેવામાં આવે છે, જેથી આ જ કિતાબોના બાઝારોમાં મીલતા તરજુમા પઢીને પઢનાર એનો ગૈર તસવ્વુર અને ખોટી સમઝ ન લે અને રાહે રૂશ્દ પર સાચી તરીકત પર ચાલવા બજાએ દુગની ઝલાલત અને જિહાલતની ખાઈમાં બરબાદ ન થઈ જાય.

ઈસ્માઈલી તાલીફાત અને તસ્નીફાતની તારીખની ઝિક્રથી મુમેનીનને એ વાત ઝહન-નશીં કરવાનો ઈરાદો છે કે, અહલે બૈત (અ.સ.) ના મઝહબનું ઈલ્મ ઘણું વસીઅ અને ગેહરૂં છે. આજનો એક તાલિબે ઈલ્મ આ ઊંડા દરિયાની એક ખાડીના પાનીના કતરાનો એક ઝર્રા બરાબર છે. આજે કિતાબખાનાઓમાં "**નેહજુલ બલાગા**" ના મુખ્તલિફ ઝબાનોમાં તરજુમા, "**સહીફએ સજ્જાદીયાહ**" ના નુસ્ખાઓ, ફિકહે ઈસ્માઈલીના કિતાબ, "**દઆઇમુલ ઇસ્લામ**" ના બાઝ મશ્હૂર ઝબાનોમાં તરજુમાઓ, "**ઇખ્વાનુસ્સફા**" ના રસાઈલ, મુખ્તલિફ મઝહબના આલિમોની તારીખે ઈસ્લામની કિતાબો મૌજૂદ હોય છે. કિતાબોની દરાસત અને પઢાયમાં દિલચસ્પી રાખનારા અપના મુમેનીન આ કિતાબો સાથે બાઝ શીઆ મઝહબની કિતાબોનો ઝખીરો કરે છે. જહાઁ તક "**નેહજુલ બલાગા**" નો સવાલ છે, જેમાં મૌલાના અલી (અ.સ.)ના ખુત્બાઓનો મજમૂઓ છે, તેમાંથી ફક્ત એક ખુત્બાની ઈબ્તેદાના કલામ "**અનલ અવ્વલો વલ આખિરો વઝ ઝાહિરો વલ બાતિન**", મતલબ કે હું પહેલો છું, છેલ્લો છું, ઝાહિર છું અને બાતિન છું; આ પર ગૌર કરવામાં આવે તો એમાં અલ્લાહના ચાર મુબારક નામો શામિલ છે. બાબુલ અબ્વાબ સૈયદના મોઅય્યદ શિરાઝી સાહબ (ક.રૂ.) એ આની તશરીહમાં પોતાની ઘણી મજલિસોમાં અકલી-નકલી-હકીકી દલીલોથી સાબિત કીધું છે. આ તો એક મિસાલ છે, જો આપ (અ.સ.) ના તમામ અકવાલની તશરીહ થાય તો જિલ્દોના અંબાર લાગી જાય. તે જ મુજબ "**દઆઇમુલ ઇસ્લામ**" ની પહેલી જિલ્દની હરએક રિવાયતો અને અહાદીસે નબવી તાવીલ અને હકીકત પર મબ્ની છે.

બાઝ અપના ભાઈએ કોઈ મઝહબની ફિકહની કિતાબ પઢી અને અપની ફિકહની કિતાબ સાથે સરખાવવા લાગા તો તેને નાના-મોટા તશહહુદમાં ફર્ક નઝર આવો. તેથી તેના ઝહેનમાં શક-શુબહ દાખિલ થયો. આ જ મુજબ બાઝ નમાઝોની નિય્યતની ગિન્તીમાં પણ ફર્ક લાગો તેથી પોતાની ઝાતને પૂછવા લાગો કે અપને જેટલી રકાતની ગિન્તીનીનમાઝ અદા કરીએ છીએ, તે સહી છે કે બીજાઓની. ઝાહિરી કિતાબ પઢનાર ભાઈને આ વાતમાં શક થાવા લાગો કે, શું અપને જે નમાઝોમાં દોઆઓ પઢીએ છીએ તે યા બીજાઓ જે કમ અને મુખ્તસર પઢે છે, તે આ બે માંથી કઈ સાચી અને હક્ક છે ? મગર એને ખબર નથી કે અપની મસ્જિદોમાં પઢાતી તમામ દોઆ અકસર કરીને અહલે બૈત (અ.સ.) થી જ મન્કૂલ છે અને બીજાઓએ આ દોઆઓને બે-બે ત્રણ-ત્રણ સતરમાં તોડી-મરોડીને બીજાના નામ તરફ મન્સૂબ કરી તારીખમાં પૈશ કીધી છે. કુંદઝહેન અને કમફહેમ લોગો અઝાનમાં બોલાતા કલેમાત "અશહદો અન્ના મૌલાના અલીયન વલીયુલ્લાહ" અને "મોહંમદુંવ વ અલીયુન ખૈરૂલ બશરે વ ઈતરતો હોમા ખૈરૂલ ઈતર" ની હકીકત અને તારીખી સનદ પર પણ આંગલી ઉઠાવતા થઈ ગયા છે. જે ચીઝ આઈના જેમ સાફ છે અને જેમાં દલીલ, બુરહાન અને તારીખી-સનદી સુબૂતની ઝરૂરત નથી તે બિલા તહાશા કુબૂલ કરી લેવા તૈયાર છે મગર એવા અરકાન, આઅમાલ, રસ્મો રિવાજ, દોઆઓ, નાફેલતની નમાઝો અને અકીદાઓ જે સાહબે દાઅવત તરફથી તાવીલ અને હકીકતની વઝાહતના મોહતાજ છે અને જેની મખ્ફી વાતો ફક્ત તેના મુસ્તહિક્ક, અહલીયત રાખનાર અને ઈલ્મીયતનો મેઅયાર રાખનાર ને જ બતાવાય અને આમ લોગોમાં એ મખ્ફી વાતો ઝાહિર કરવાની દોઆતે કિરામ (ક.રૂ.) તરફથી મનાઈ આવેલી છે, અને તેથી આના ખુલાસાઓ કરવાની રઝા દરકાર નથી, તેથી એમ સમઝી લેવાય છે કે ઈસ્માઈલી-તૈયેબી દાઅવતની તારીખમાં આ સવાલોના જવાબો મૌજૂદ નથી. **આ ખયાલ સરાસર ગલત અને મોટી ખતા છે.**

દીગર એ કે કોઈ પણ મસ્લક યા અકીદાની કિતાબ પઢીને એમાં બયાન કરવામાં આવેલા ખયાલાતને કુબૂલ કરીને સાચું માની લેવું અને એ તરફ ઝુકાવ રાખીને પોતાના મઝહબની કિતાબોમાં એની હમશાનના મવાદને ટટોલીને સરખાવવું એ ખોટી આદત છે. અપની જમાઅતના ચંદ ભાઈઓની ઝહની કમ્ઝોરી કહો કે સોચવામાં કુસૂર કહો, કોઈ પણ કિતાબ પઢીને એના બહાવમાં પોતે તણાય જાશે અને બીજાના મસ્લકની ખોટ અને ખામી નીકાલવાની બજાય પોતાના તરઝો તરીકા અને તારીખો અકીદામાં સવાલીયા નિશાન લગાવી ખામીઓ અને દાગને નીકાલશે ! આજના ઝમાનામાં બીજા મસ્લકની કૌમોમાં ઘણાં એવા અહમ અને શોઅલાઝન મસ્અલાઓ છે જેથી તેઓના ખાસો આમ લોગો મોતઅસ્સિર છે, તો પણ તેઓ બીજા મસ્લકની કૌમના નિઝામ-આરાસ્તગી, આઅમાલ-અકીદાને જોઈને પોતાની કૌમના આલિમો પર સવાલીયા નિશાન નહીં લગાવે; પણ ગમે એવો અહમ અને ફૈસલાકુન મુદ્દો હશે તો પણ મુખ્તસર અલ્ફાઝમાં કહેશે કે **કૌમના આલિમો ને જ મઝહબી સવાલોને સુલઝાવવાનો કુલ્લી ઇખ્તિયાર છે.**

આખિરમાં આ મકાલો લખવાનો મકસદ એ છે કે, મુમેનીન પર ઈલ્મ હાસિલ કરવું વાજિબ છે; પણ અલ્લાહતઆલાએ અહલે બૈત (અ.સ.) તરફથી દીને કામિલ હમને પહોંચાવેલું હોય જેમાં કોઈ તબ્દીલીની ગુંજાઈશ નથી, તેથી શરીઅતના હર પહેલું માં બેહૂદા અને નારવાં સવાલાતોથી પરહેઝ કરવો જોઈએ અને જે કઈ અપની હક્કની તૈયેબી જમાઅતના આઅમાલ છે એ પર પાબંદી સાથે ચાલીને દિલમાં એમ યકીને કામિલ રાખવું જોઈએ કે મારો અમલ એ જ આલે મોહંમદ (સ.અ.વ.વ.) ના ઈમામોના અને સતરના ઝમાનના દોઆતે અમજેદીન (આ.કુ.) ના નકશે કદમ પર છે. અલ્લાહતઆલા તમામ ઈમાનદારોને દાઅવતે હક્કનું સાચું ઈલ્મ બખ્શે અને દાઈયુઝઝમાન સૈયદના તૈયબ ઝિયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) ના ઝૈરે સાયા ઈબાદતે ઈલ્મીયાહ અને અમલીયાહ બજા લાવવાની નેક તૌફીક અતા કરે. ★